## વડીલોને વંદન અભિનંદન



રસિકભાઈ પુરૂષોત્તમદાસ પટેલ (૧૯૪૪)મો. ૯૯૯૮૭૧૪૨૬૧

# આર.જી. કન્યા શાળામાં માતૃ સંમેલન યોજાયું

## કાર્યક્રમમાં તરૂણીઓની સમસ્યા અંગે વિડીયો પ્રેઝન્ટેશન રજુ કરાયું : મહિલાઓની શારીરિક સમસ્યાઓ અને વિટામીનની ઉણપ તેમજ આયર્ન-પૌષ્ટિક આહારનું મહત્વ સમજાવાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના કડી શિક્ષણ સંકુલમાં આવેલ કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન દ્વારા વુમન ડેવલપમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ તેમજ માતાઓમાં જાગૃતિ લાવવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ શિબિરમાં માતાઓમાં સર્જાતી વિટામીન્સની ઉણપ સહિત આહારનું મહત્વ સહિત મહિલાઓની સમસ્યા અંગે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ માતૃ શિબિરમાં કોલેજના ૧૬૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ફાર્મસી કોલેજની વિદ્યાર્થનીઓ દ્વારા તરૂણીઓની સમસ્યાઓ અંગે વિડીયો પ્રેઝન્ટેશન દર્શાવ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં મહિલાઓના માસિક ચક્રનું કારણ, મહત્વ, સમસ્યાઓ અને સ્વચ્છતા વગેરે મુદ્દાઓની નાટ્ય સ્વરૂપે વિગતવાર માહિતી આવરી લીધી હતી. આ પ્રસંગે આર.જી. પટેલ કન્યા શાળા અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આરોગ્ય સમિતિના કન્વીનર પ્રિતીબેન શુક્લાએ મહિલાઓમાં સર્જાતી વિટામીન્સની ઉણપો અને તે માટે સરકાર દ્વારા શાળાઓમાં અપાતી આયર્નની ટેબલેટ્સ અંગેનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે માતાઓને પોતાની દિકરીઓને પૌષ્ટિક આહાર લેવા પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના એઈઆઈ ડૉ. નેન્સીબેન ગુપ્તે તરૂણીઓમાં આ ઉંમરે થતા શારિરીક ફેરફારો અને તેનું મહત્વ તેમજ શરીરના સુંદર વિકાસ માટે જરૂરી પૌષ્ટિક આહાર, મેડીકલ ચેકઅપ કેમ્પનું મહત્વ વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતમાં કન્યા શાળાના આચાર્યા સુધાબેને માતાઓને જાગૃત રહી દિકરીઓની મુશ્કેલીઓ સમજવા અને તેમના વિકાસ અંગે સચેત રહેવા અનુરોધ કર્યો હતો.

## ન્યુ રાણીપના લોકો પ્રાથમિક સુવિધાને લઈને ભારે હેરાન

શહેરમાં દિવસે ને દિવસે વસ્તીમાં વધારો થતો જાય છે ત્યારે શહેરમાં નવા વિસ્તારો પણ વિકસતા જાય છે ત્યારે નવા વિસ્તારોમાં રહેતા લોકોને પ્રાથમિક સુવિધા પણ પૂરતા પ્રમાણમાં મળતી નથી શહેરના ન્યુ રાણીપ વિસ્તાર ચારે બાજુથી રેલ્વે લાઈનથી દોરાયેલો વિસ્તાર છે તેમજ હાલ આ વિસ્તારના લોકોને ગટરની વ્યવસ્થા પણ મળી ન હોવાથી ગટરના પાણી રસ્તા ઉપર આવી જાય છે તેને લઈને ત્યાના સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયા છે.

# ભાજપ શાસિત પાલનપુર તાલુકા પંચાયતના ટી.ડી.ઓ. વસંત સોલંકી રૂ. ૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

## રાહતના પ્લોટની સનદમાં સહી-સિક્કા કરવા માટે માલણના લાભાર્થી પાસે રૂ. ૫,૦૦૦ની લાંચ માંગતા એ.સી.બી.ના છટકામાં સપડાયા

પાલનપુર, તા. ૮

ભાજપ શાસિત પાલનપુર તાલુકા પંચાયતના ટી.ડી.ઓ આજે રૂ. પાંચ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા. પાલનપુર તાલુકા પંચાયતની કચેરી ખાતે જ ટી.ડી.ઓ.એ એ.સી.બી.ના છટકામાં સપડાતા ચકચાર મચી જવા પામી હતી.



પાલનપુર તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી વસંત એસ. સોલંકી આજે રૂ. પાંચ હજારની લાંચ લેતા એ.સી.બી.ના છટકામાં ઝડપાઈ ગયા હતા. પાલનપુર તાલુકાના માલણ ગામના બિસ્મિલ્લાખાન હયાતખાન ધાસુરાના સંબંધીને રાહતનો પ્લોટ મંજુર થયો હતો. જેની સનદમાં સહી અને સિક્કા કરી આપવા ટી.ડી.ઓ. વસંત સોલંકીએ રૂ. પાંચ હજારની માંગણી કરી હતી. જેથી ફરીયાદી બિસ્મિલ્લાખાન ધાસુરાએ એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. જેથી પાલનપુર એ.સી.બી. કચેરીએ છટકું ગોઠવ્યું હતું. જેમાં ટી.ડી.ઓ. વસંત સોલંકીને તેમની ચેમ્બરમાં જ રૂ. ૫,૦૦૦ ની લાંચ લેતા ઝડપી લેવાયા હતા. જો કે એ.સી.બી. કચેરીએ આરોપી ટી.ડી.ઓ.ને મીડીયાની બાજ નજરથી દૂર રાખવાના કરેલા સતત પ્રયાસો મીડાયાકર્મીઓમાં ચર્ચાની એરણે ચડ્યા હતા.

## ડી.ડી.ઓ. લાંચમાં સપડાતા તાલુકા પંચાયત કચેરી ચર્ચાની એરણે

ભાજપ શાસિત પાલનપુર તાલુકા પંચાયતના લહેરી લાલા સમા ટી.ડી.ઓ. વસંત સોલંકી સદાયે વિવાદોમાં ઘેરાયેલા રહેતા હતા. અગાઉ કર્મચારીઓ સામે પડી તેઓનો ખોફ વ્હોરી લેનાર ટી.ડી.ઓ. તાલુકા પંચાયતના ભાજપના ચૂંટાયેલા સદસ્યો કે સત્તાધીશોને પણ અવગણતા હતા. તાલુકા પંચાયતની મહત્વની બેઠકોમાં તેઓની ગેરહાજરીને લઈને તથા તેઓની કાર્ય પદ્ધતિ સામે કર્મચારીઓ બાદ ખુદ ભાજપી સભ્યોમાં પણ અસંતોષ પ્રવર્તી રહ્યો હતો. જો કે ટી.ડી.ઓ.ની બદલી કરાવાને લઈને પણ તા.પં.ની ચૂંટાયેલી બોડી અને તાલુકા ભાજપ એકમમાં તડ પડી ગયા હતા. તાલુકા ભાજપના કેટલાક હોદ્દેદારો જ ટી.ડી.ઓ. ને છાવરતા હોઈ તેઓ તા.પં.ના સત્તાધીશોને પણ ગાંઠતા ન હોવાની ચર્ચાઓ વચ્ચે આજે ટી.ડી.ઓ. લાંચ લેતા ઝડપાયાના સમાચારથી તાલુકા ભાજપના કેટલાક હોદ્દેદારોનો તો જાણે ગરાસ લુંટાઈ ગયો હોય તેવી હાલત થઈ હોવાની ચર્ચાઓએ તાલુકા પંચાયત કચેરીમાં વેગ પકડ્યો હતો. ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના ઓ.એસ. બાદ ભાજપ શાસિત તાલુકા પંચાયતના ટી.ડી.ઓ. લાંચના છટકામાં ઝડપાતા ભાજપના રાજમાં ભયમુક્ત બની ભ્રષ્ટાચાર આચરતો હોવાની વાતો પણ ચર્ચાના ચગડોળે ચડી હતી. (તસવીર : સંજય જોશી, પાલનપુર)

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય લોક અદાલતમાં ૫૯૩૪ કેસોનું સમાધાન કરાયુ


ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન ૧૦૨૯ ફોજદારી કેસો તેમજ ૨૩૧ પ્રિલીટીગેશન કેસોનું સમાધાન કરવામાં આવ્યું.

જિલ્લા કાનૂની સેવા

આપીને ભોગ બનનારાઓને ત્વરીત નાણાકીય વરતર આપવામાં મહત્વનો ભોગ ભજવ્યો છે.

તેમજ એક અકસ્માત



કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૯૩૪ કેસોનું સમાધાન કરવામાં આવ્યું છે. જ્યારે મોટર અકસ્માતમાં કુલ ૨૫,૯૦,૦૦૦ નું વળતર તેમજ અન્ય કેસોમાં કુલ ૧૦,૧૪૨,૭૫૮ નું વરતર ચૂકવવામાં આવ્યું છે. તેમજ ૧૪,૧૪૪,૬૦ની દંડની વસુલાત કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા જિલ્લા તેમજ તાલુકા અદાલત ખાતે કુલ ૩૭ લોક અદાલત યોજી ૧૮૧ મોટર અકસ્માત વળતરના કેસો, ૧૩૬ દિવાની કેસો, ૧૩૬ મહેસુલ કેસો, સત્તામંડળ ગાંધીનગરના અધ્યક્ષ એ.સી. રાવના માર્ગદર્શન હેઠળ મોટર અકસ્માત વળતરના કેસોની લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ જેમાં ગાંધીનગરના એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ આર.એ. ઘોઘારી તેમજ ૨ જા એડી. ડીસ્ટ્રીક્ટ જજ ડી.એમ. વ્યાસ તેમજ એમ.એ.સી.પી. બાર ગાંધીનગરના સંયુક્ત પ્રયાસ તેમજ અત્યંત મહેનત દાખવી કુલ ૧૮૧ એમ.એ.સી.ટી.ના કેસોનું સુખદ સમાધાન કરવામાં આવ્યું હતું.

આ તમામ કેસોમાં વીમા કંપનીઓએ ઉત્સાહપૂર્વક સહયોગ વળતરના કેસમાં ભારતી એકક્ષા જનરલ ઈન્સ્યુરન્સ કંપની લીએ લોક અદાલતમાં અરજદારના વકીલ સાથે મળી સમાધાન કરી એ જ દિવસે રૂ. ૧૮,૨૫,૦૦૦ (અડાર લાખ પચ્ચીસ હજાર પુરા)નો ચેક આજરોજ ડીસ્ટ્રીક્ટ જજને અર્પણ કર્યો હતો અને ડીસ્ટ્રીક્ટ જજ એ.સી. રાવ ગુજરનારના વારસદારોને એ ચેક આપ્યો હતો આ સમયે અરજદારના વકીલ પી.પી. જોષી તથા વિમા કંપનીના વકીલ કે.સી. મહેતા તેમજ અન્ય વકીલો હાજર રહ્યા હતા.

અત્યાર સુધી એવી માન્યતા હતી કે, લોક અદાલતમાં મોટી રકમના કેસો મુકવામાં આવતા નથી એવી આ માન્યતા આ લોક અદાલતમાં ખોટી ઠરી હતી.

ડીસ્ટ્રીક્ટ જજે વીમા કંપનીઓના હકારાત્મક અભિગમની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે, આ પ્રકારે ઝડપી અને વ્યાજબી ન્યાય લોક અદાલત દ્વારા મળી શકે છે તે સંદેશ સમાજમાં જેવો જરૂરી અને અરજદારો તથા વીમા કંપનીઓને ભવિષ્યમાં વધુ સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

## સ્કાઉટ ગાઈડના બાળકો-યુવા વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમ સાથે સાંકળી લેવાશે : આનંદીબેન

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સ્કાઉટ-ગાઈડમાં જોડાયેલા શાળાના બાળકો-યુવા વિદ્યાર્થીઓને સુરક્ષા સેતુ તહેત રાજયવ્યાપી સ્ટુડન્ટ પોલીસ કેડેટસની તાલીમ સાથે સાંકળી લેવાનું -રક સૂચન કર્યુ છે. આ જોડાણથી પોલીસ--જા વચ્ચેની સેતુરૂપ ભૂમિકા અને ટ્રાફિક નિયમન, વ્યસનમૂકિત જેવી સેવા-વૃતતિમાં યુવા પેઢીનું વિશાળ નેટવર્ક ભું થશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. શ્રીમતી આનંદીબેનને આજે ગુજરાત સ્કાઉટ ગાઈડ એસોસિયેશનના ૫૦ જેટલા વરિષ્ઠ પદાધિકારીઓ રાજયના સ્કાઉટ ગાઈડ મુખ્ય કમિશ્નર સવિતાબહેન પટેલ તથા -દેશ ઉપાધ્યક્ષ અમદાવાદના મેયર શ્રીમતી મિનાક્ષીબહેન પટેલ સાથે મળ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સ્કાઉટ-ગાઈડની -વૃતતિઓનો વ્યાપ વધારે વિસ્તારવા તથા રાજયના સરહદી જિલ્લા પાટણ, બનાસકાંઠા, કચ્છની શાળાઓના વધુને વધુ બાળકો આ -વૃતતિમાં જોડાઈ રાષ્ટ્ર સેવાની તાલીમ મેળવે, સરહદના સંત્રી એવા જવાનોના જીવન-ફરજપાલનથી વાકેફ થાય તેવા કાર્યક્રમોનું સઘન આયોજન કરવા પણ પદાધિકારીઓને અનુરોધ કર્યો હતો.

# મોડાસા-હિંમતનગર રાજ્ય માર્ગ પર ગંભીર અકસ્માત : કોઈ જાનહાનિ નહિ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના અને સાબરકાંઠા જિલ્લા પોલીસે સલામતી અકસ્માત નિવારણ અને ટ્રાફિકના



નિયમોનું ચુસ્ત પાલન હેઠળ ઝુંબેશ ઉપાડી ટ્રાફીકના નિયમોનું પાલન ન કરતા વાહનચાલકોને મોટાપાયે ડંડ ફટકારવામાં આવ્યો હતો. પરંતુ સાબરકાંઠા કે અરવલ્લી જિલ્લા પોલીસની મીલીભગત કે પછી અરવલ્લી અને સાંબરકાંઠા પોલીસને પણ ગાંઠતી હોય તે રીતે ભયજનક અને યમદૂત ગમાતી બેફામ જડપે હંકારતા જીપગાડીઓના ચાલકોને ડામવામાં નિષ્ફળ ગઈ છે અને છાશવારે અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામના રહેવાશી દિપકભાઈ જેસીંગભાઈ પટેલ (ઉ. આ. ૨૩ વર્ષ) અને અમૃતભાઈ દલાભાઈ પટેલ ઉ.આ. ૫૫ વર્ષ) કે જેઓ બન્ને ખંભીસર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના કર્મચારીઓ હોવાથી ખંભીસર દૂધ ઉત્પાદક મંડળીનું ફેટ કાઢવા માટેનું મશીન લઈને હિંમતનગર જવા નિકળ્યા હતા ત્યારે ખંભીસરથી ફકત ૩ કિલોમીટરના અંતરે આવેલા ગઢડા ગામ પાસે હિંમતનગરથી ઓવરલોડ મુસાફરો ભરીને પૂર ઝડપે બેફામ રીતે હંકારી રોંગ સાઈડે ઘસી આવી ખંભીસરથી હિંમતનગર જતા બાઈકને ટક્કર મારતાં બાઈક સવારો અને બાઈક હવામાં ફંગોળાઈ હતી. પરંતુ ‘રામ રાખે તેને કોણ ચાખે’ જાણે કહેવત આ અકસ્માતમાં સાર્થક સાબીત થતી હોય તેમ બન્ને બાઈક સવારોનો આબાદ બચાવ થયો હતો. જેઓને તાત્કાલિક સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર દિપકભાઈ પટેલને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરવુ પડ્યુંહતું.

જ્યારે અમૃતભાઈને સામાન્ય ઈજાઓ પહોંચતા પ્રાથમિક સારવાર આપી રજા આપી દીધી હતી. નજરે જોનારના જણાવ્યા મુજબ અકસ્માત એટલો ભયંકર હતો કે બાઈકસવારો બચવાની શક્યતાઓ નહિવત હતી. સદ્નસીબે બાઈક સવારોને ઈજા પામી બચી જતાં હાશકારો અનુભવ્યો હતો. મોડાસા રૂરલ પોલીસ અકસ્માત સર્જનાર તુફાન ગાડીના ડ્રાયવરને જડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડના અધ્યક્ષપદે કુંવરજી હળપતિ નિમાયા

બારડોલીના માજી ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિની સરકાર દ્વારા ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરેલ છે. તેઓએ બોર્ડના અધ્યક્ષ તરીકેનો હોદ્દો આજરોજ તા. ૮-૧૨-૨૦૧૪ ના રોજ પદગ્રહણ કરેલ છે. તેઓની ગુજરાત જમીનવિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડના ૨૮મા અધ્યક્ષ તરીકે નિમણૂંક થયેલ છે. તેઓએ તાપી વન વિદ્યાલય, સરકુઈ ખાતે આચાર્ય તરીકે સેવા આપેલ છે. તેઓ શિક્ષણ બોર્ડના સભ્ય તરીકે રહી ચુકેલ છે. જિલ્લા પંચાયત, સુરત ખાતે સામાજીક ન્યાય સમિતિના ચેરમેન તરીકે રહી ચુકેલ છે.

આદિજાતિ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે સેવાઓ આપી રહ્યા છે. આજરોજ બોર્ડના અધ્યક્ષ તરીકેનો ચાર્જ સંભાળેલ તેમાં માંડવી તાલુકા ભાજપ મહામંત્રી સુનિલભાઈ ચૌધરી, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, માંડવી તાલુકા પંચાયત સામાજીક ન્યાય સમિતિ અધ્યક્ષ ગણેશભાઈ ગામીત, માંડવી તાલુકાના નગર યુવા મોરચા મહામંત્રી વિજયભાઈ પટેલ, માંડવી તાલુકાના ભારતીય જનતા પાર્ટીના સભ્યો, માંડવી તાલુકાના સરપંચશ્રીઓ અને બારડોલી તાલુકાના તમામ સરપંચ હાજર રહેલ હતા. તેમણે બારડોલી તાલુકા પંચાયત સદસ્ય તરીકે સેવા બજાવેલ છે. બોર્ડ તરફથી બોર્ડના વહીવટી અધિકારી બી.કે. ચૌહાણ, અધિક મદદનીશ ઈજનેર વાય.ડી. જોષી તથા બોર્ડના સ્ટાફ સભ્યો દ્વારા કુંવરજીભાઈ હળપતિનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## શબ્દાવલી - ૫૫૮૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ■ | ૪ | ૫ |
| ■ | | ■ | ૬ | | ૭ | | |
| ૮ | | ૯ | | ■ | | ■ | |
| | ■ | | ■ | ૧૦ | | ■ | ■ |
| ૧૧ | ૧૨ | | ■ | | | ■ | ૧૩ |
| ૧૪ | | ■ | ૧૫ | | | ૧૬ | |
| ૧૭ | | ૧૮ | ■ | ■ | ■ | ૧૯ | |
| | ■ | ૨૦ | | | | | ■ |

### આડી ચાવી

૧. સંપ નહિ તે (૩)
૪. હલકુ, કંજુસ (૨)
૬. નવ પરણિત યુગલ (૫)
૮. આઠેય અંગો વાંકા હોય તેવું (૪)
૧૦. નિકાસનું વિરોધી (૩)
૧૧. એક વાનગી (૩)
૧૪. શરીર પર તલ જેવો મોટો ડાઘ (૨)
૧૫. દાડમની કળી (૫)
૧૭. કપાળ (૩)
૧૯. મારું (૨)
૨૦. ઉપર નીચે ચડવું અને ઉતરવું (૫)

### ઊભી ચાવી

૨. સંતોષ થયો હોય તેવું સંતોષી (૩)
૩. ક્ષાર (૨)
૪. ભેંસનું માદા બચ્ચું (૨)
૫. કન્યાને પ્રથમ પ્રસર પછી અપાતું આણુ (૩)
૬. વાંકુ (૨)
૭. બાળકોને સાચવવા માટે મુકવામાં આવે તે જગ્યા (૫)
૮. દેશ-વિદેશ (૬)
૯. બહોળા કુટુંબવાળુ (૩)
૧૨. ચોરસ ટુકડા (૩)
૧૩. કેળવણી, શિક્ષણ (૩)
૧૬. કેડ (૩)
૧૮. સો... નું સોનું છે (શુદ્ધતાનું માપ) (૨)

### શબ્દાવલી ૫૫૮૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંતુલન (૫) લાડવા (૭) દેરાસર (૮) પતજડ (૧૦) ઉપકાર (૧૧) બોપટ્ટી (૧૨) વાત (૧૫) જોર (૧૬) ગરજવાન (૧૮) વદ્યડવું (૨૦) અંટશ (૨૧) બરજ

**ઊભી ચાવી :-** (૨) સંદેશ (૨) તુરા (૩) લસરપટ્ટી (૪) નર (૫) લાનત (૬) વાવડ (૮) પરવારવું (૯) જરા (૧૦) ઉપરવટ (૧૧) બોજો (૧૩) તજ (૧૪) ભાન (૧૬) ગડ (૧૭) વાયર (૧૯) દાશ

# અરવલ્લી જિલ્લામાં સંગઠન પર્વ સદસ્ય અભિયાન અંતર્ગત પ્રાથમીક સદસ્યો નોંધવા કવાયત

મોડાસા, તા. ૮

ભારતીય જનતા પાર્ટીએ સમગ્ર ભારત દેશમાં સંગઠન પર્વ સદસ્ય અભિયાન દરમ્યાન આખા દેશના



તમામ નાગરિકોને ભારતીય જનતા પાર્ટીમાં જોડાવવા માટે કાર્યકરોને કામે લગાડવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અરવલ્લી જિલ્લાના લોકોને ભારતીય જનતા પાર્ટીમાં જોડાવવા માટે મોડાસા શહેરના ભાજપાના સદસ્યોએ વિવિધ જાહેર સ્થળે કાર્યક્રમ કરી સંગઠન પર્વ સદસ્ય અભિયાનમાં પ્રજાજનોને જોતરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ભાજપાના આ મિશનને સફળ બનાવવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ મોડાસા માલપુર રોડ ઉપર આવેલ રેલવે સ્ટેશનમાં અંદર બેઠેલા મુસાફરોને અને રેલગાડીમાં પ્રવાસ કરતા લોકોને ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્ય બનાવવા માટે આજે સવારે અને બપોરે કવાયત હાથ ધરી અંદાજે ૧૦૦ જેટલા મુસાફરોની ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્ય તરીકે નોંધણી કરી હતી. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના પ્રમુખ ભરતસિંહ રહેવર, ભારતીય જનતા પાર્ટી મોડાસા શહેરના પ્રમુખ ધીરૂભાઈ પ્રજાપતિ, અરવલ્લી જિલ્લા આઈ.ટી. સેલના કન્વીનર આશિષ સોની, સંગઠન પર્વના ઈન્ચાર્જ પ્રવિણ પરમાર તેમજ બાબુભાઈ સીંધી, હીરચંદ કેલા અને ભગવાનદાસ ભોઈ હાજર રહ્યા હતા. અરવલ્લી જિલ્લાના આર.ટી.સેલ કન્વીનર આશિષ સોનીના જણાવ્યા અનુસાર મોડાસા શહેરમાં આવેલા રેલવેસ્ટેશન પર આવતા તમામ કોમના નાગરિકોને ભારતીય જનતા પાર્ટીમાં જોડાવા માટે અભિયાન શરૂ કરેલ છે.

## બાઉન્સરોની બોલબાલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાજરીથી વધુ સુરક્ષિત હોવાનો પણ અહેસાસ કરે છે. જાહેર પ્રસંગોએ થતી સામાન્ય તકરારનો પણ નીવેડો થઈ જતો હોવાનું પણ બાઉન્સર્સ રાખતા લોકો જણાવી રહ્યા છે.

જો કે વર્ષોથી રખાતી સિક્યુરીટી હવે ભૂતકાળ બની રહી છે. જેથી સિક્યુરીટી કંપની ચલાવતા વહીવટકર્તાઓ પણ બાઉન્સર્સ પણ પુરા પાડી રહી છે. માટે કેટલાંક સિક્યુરીટી ગાર્ડ બેરોજગારીના ખપ્પરમાં આવી ગયા છે. શહેરોમાં યોજાતા પ્રસંગોમાં પાસ પદ્ધતિ અપનાવાઈ છે. જેમાં પણ બાઉન્સર્સ દરવાજા ઉપર ગોઠવાઈ જતા લાગવગ અને ભલામણ પણ ટળી જતા પ્રસંગ યોજવા આયોજકોમાં હાશકારો જોવા મળે છે. એકંદરે શહેરોમાં હવે સ્ટેટસ સિમ્બોલ બનેલ બાઉન્સર્સની માંગમાં દિનપ્રતિદિન માંગ વધી રહી છે. જે સભ્ય સમાજ માટે લાભદાયી પુરવાર થઈ રહ્યુ છે.


## PUBLIC NOTICE

Notice is hereby given that following sub brokers are no longer affiliated as sub-brokers with Edelweiss Financial Advisors Ltd. (Trading member of NSE and BSE) having NSE SEBI Registration No. INB231414534 and BSE SEBI Registration No. INB011412336 having its registered office at Anagram House, H L Commerce College Stadium Road, Navarangpura, Ahmedabad-380 009 and corporate office at Edelweiss House, Off CST Road, Kalina, Mumbai - 400 098.

Any person henceforth dealing with below mentioned sub brokers should do so at his own risk. The Company shall not be liable for any dealings with them.

| Sub broker Name | Trade Name sub broker | Segment | SEBI Regn. No. | SEBI Reg. Date | Regd Office Add. |
|---|---|---|---|---|---|
| PRATIK J. RAVAL | PRATIK J RAVAL | BSE | INS015367910 | 6-May-08 | Plot No. 679, Sector-21 Gandhinagar |
| | | NSE FO | AP031318411 | 16-Apr-10 | A/3, Above Raval Kirana Store, Sector-21, Gandhinagar |
| | | NSE CD | APX031300061 | 12-Jan-09 | Plot No. 673, Sector-21 Gandhinagar |

Place : Gandhinagar
Date : 09-12-2014

Edelweiss Financial Advisors Ltd.
SD/- Director